**Class : X**

Gujarati – ગુજરાતી (010)

Sample Question Paper

**<u>Marking Scheme</u>**

**Code No. 9**

**SET A**

સમય – 3 કલાક | કુલ ગુણ :80

Time: 3 hrs. | M.M. – 80

| | | |
|---|---|---|
| | **PART A (MCQ)** | |
| | **(Advanced Reading Skill)** | |
| પ્ર.૧ | <u>ગદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)</u> | **5×1=5** |
| a) | (▯) યાંત્રિક | |
| b) | (▯) અકસ્માતનો | |
| c) | (▯) સચોટ | |
| d) | (▯) જીવંત અને સલામતી ભર્યું. | |
| e) | (▯) સંતાનના ઉજ્જવળ ભવિષ્યનો | |
| પ્ર.૨ | <u>ગદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)</u> | **6×1=6** |
| a) | (C) આશા | |
| b) | (B) શ્રમ વિના કંઈ પ્રાપ્ત થતું નથી. | |
| c) | (A) આટ્ર્સ | |
| d) | (B) અંધ અને બહેરા | |
| e) | (D) તમારો આત્મવિશ્વાસ | |
| f) | (A) અસીમિત આશા | |
| પ્ર.3 | <u>પદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)</u> | **5×1=5** |
| a) | (▯) પૂરવમાં | |
| b) | (A) મુક્તિના | |

| | | |
|---|---|---|
| c) | (□) સેવાની સુવાસથી | |
| d) | (□) પાવન | |
| e) | (□) બાપુના | |
| f) | (□) મુક્તિ | |
| | **(Literature)** | |
| પ્ર.૪ | <u>(પ્રત્યેક સાચા જવાબ માટે 2 ગુણ નિર્ધારિત છે.) (કોઈપણ આઠ)</u> | 8×1=8 |
| a) | (□) ઊર્મિકાવ્ય | |
| b) | (□) સત્તર, ત્રણ | |
| c) | (□) જર્મની | |
| d) | (□)કાળવી, ગોરવી | |
| e) | (□) રમણભાઈ નીલકંઠ | |
| f) | (A) મેના | |
| g) | (A) માખણચોર | |
| h) | (□) મોહમયી | |
| i) | (□) વૈશંપાયન | |
| l) | (A) પંજુ ખત્રી | |
| | **(Applied Grammar)** | |
| | <u>સૂચના મુજબ સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો</u> | |
| પ્ર.૫ | <u>રૂઢિપ્રયોગોના સાચા અર્થ (કોઈપણ ચાર)</u> | 1×4 = 4 |
| a) | ‘રઘવાયા થવું’ - (□) બહુ જ ઉતાવળા થવું | |
| b) | ‘આંજી નાંખવું’ - (A) પ્રભાવિત કરવું | |
| c) | ‘રસ્તો કાઢવો’ - (□) ઉપાય શોધવો | |
| d) | ‘ધૂળમાં મળી જવું’ - (□) નાશ પામવું | |
| e) | ‘લાગી આવવું’ - (A) દુ:ખ થવું | |
| પ્ર.૬ | <u>આપેલાં શબ્દ સમૂહ માટે યોગ્ય શબ્દ શોધો:</u> (કોઈપણ ચાર) | 1×4 = 4 |
| a) | (□) ગિરિધર | |
| b) | (□) દીવાનખાનું | |
| c) | (A) આગગાડી | |
| d) | (□) રાફડો | |

| | | |
|---|---|---|
| e) | (▯) વૈતરું | |
| પ્ર.૭ | <u>સૂચના મુજબ સાચા જવાબ શોધો:</u> (કોઈપણ ચાર) | 1×4 = 4 |
| a) | (▯) પ્રશંસા, વખાણ, સ્તુતિ | |
| b) | (▯) ગતિ | |
| c) | (▯) અમાન્ય | |
| d) | (▯) અંધારું × અજવાળું | |
| e) | (▯) તુરગ | |
| | | |
| પ્ર.૮ | <u>સૂચના મુજબ સાચા જવાબ આપો:</u> (કોઈપણ ચાર) | 1×4 = 4 |
| a) | (A) સૂર્યોદય થયો. | |
| b) | (A) કૃષ્ણએ ગંગાજળના પાણીથી સ્નાન કર્યું. | |
| c) | (B) ને, થી | |
| d) | (D) દ્વારા | |
| e) | (D) વડે | |
| | **PART B (વર્ણનાત્મક પ્રશ્નો)** | |
| | **(Literature)** | |
| | <u>સૂચના મુજબ આપેલા પ્રશ્નોનાં જવાબ લખો</u>. | |
| પ્ર.૯ | <u>નીચેની કાવ્ય પંક્તિ વાંચી આપેલા પ્રશ્નોનાં ઉત્તર એક-એક વાક્યમાં લખો.</u> (કોઈપણ બે) | 1×2 = 2 |
| a) | લીમડો કડવો હોવા છતાં ઠંડી છાંયા આપે છે. | |
| b) | અબોલડા એટલે રીસાઈને અમુકની સાથે ન બોલવું. | |
| c) | 'દુહા' બે લીટીમાં જીવનભાવને સચોટ રીતે પ્રગટ કરે છે. | |
| પ્ર.૧૦ | નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લગભગ 25-30 શબ્દોમાં લખો. ( કોઈપણ ચાર)<br>- **વિષયવસ્તુ** (1.5)<br>- **જોડણી, ભાષા શુદ્ધી** (0.5) | 2×4 = 8 |
| a) | કૃષ્ણએ પીળાં પીતાંબર અને જરકસી જામા પહેર્યા છે. પીળા રંગનો પટકો છે. કાનમાં કુંડળ પહેર્યાં છે, મસ્તક પર મુગટ શોભે છે અને મુખ પર મોરલી છે. | |

| | | |
|---|---|---|
| b) | નાયિકા દીવાનખાનામાં સુશોભન માટે વસ્તુઓની ગોઠવણીમાં ફેરફાર કરે છે. તે સોફા અને લેમ્પનું સ્થાન બદલે છે, બારીના પડદા બદલે છે અને જૂના ગલીચની બદલે wall to wall કારપેટ નખાવે છે. | |
| c) | કવિને પોતાનું જીવન બીજાને ઉપયોગી થઈ અર્થાત ભૂખ્યાને ભોજન આપી, તરસ્યાને પાણી આપી અને દીન- દુખિયા આવે તો એમના આંસુ લૂછી તેમને આશ્વાસન આપી અંજલિરૂપ બનાવવું છે. | |
| d) | 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ કહેવા માગે છે કે જે પૂર્ણતા પામ્યો હોય છે, જેનામાં સંપૂર્ણ જ્ઞાન હોય છે તે કદી ફૂલાતો નથી, ઘમંડ કરતો નથી. તેને પોતાના જ્ઞાન-વૈભવનું જરાય અભિમાન હોતું નથી. | |
| e) | માનવીના હાથ અનેક કામો કરે છે તે કેટલાક સારા કામો કરે છે તો કેટલાક નઠારા કામો પણ કરતાં હોય છે. | |
| | <u>સૂચના મુજબ આપેલા પ્રશ્નોનાં જવાબ લખો</u> | |
| પ્ર.૧૧ | <u>નીચેનો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોનાં ઉત્તર એક-એક વાક્યમાં લખો.</u> (કોઈપણ ત્રણ) | 1×3=3 |
| a) | ઉપરોક્ત ગદ્યખંડ 'અનોખુ મૈત્રીપર્વ' પાઠમાંથી લેવામાં આવ્યો છે. | |
| b) | બચ્ચાંની આંખોનું વર્ણન લેખિકાએ ખૂબ જ સુંદર રીતે કર્યું છે, એમની આંખો રૂપાળી હતી, મોતની આંખ સોનેરી, નાના-નમણાની ભૂરાશ પડતી અને પાતળિયાની લીલી ઝાંયવાળી બદામી આંખો હતી. | |
| c) | સહુથી મોટું બચ્ચું ત્રાંસુ ત્રાંસુ ચાલતું, એનો કોઈ પેંતરો હોય એ ઢબે આવ્યું | |
| d) | બિલાડીના બચ્ચા સિયામીઝ માર્જાર જાતિના હતા. | |
| પ્ર.૧૨ | <u>નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ 30-40 શબ્દોમાં લખો</u>. (કોઈપણ ત્રણ )<br>**- વિષયવસ્તુ (2)**<br>**- જોડણી, ભાષા શુદ્ધી (1)** | 3×3=9 |
| a) | 'ટિફિન' લઘુકથામાં અમથીમાનો પશુપ્રેમ વર્ણવ્યો છે. જમણવારના પ્રસંગે તેમની માટે ટિફિન આવવાનું છે, છતાં અમથીમા રોટલા ઘડતા દેખાય છે. તેઓ જુદી રીતે વિચારે છે : ગાય અને કૂતરી શું ખાશે? અમથીમા માટે આ પશુઓ કુટુંબી હતાં. આમ ઘટનામાં અમથીમાનો પશુપ્રેમ જોવા મળે છે. | |
| b) | દીપકના પિતા અમલ દેરાસરી અંગ્રેજ સરકારના અધિકારી છે અને અંગ્રેજ સરકારનો ખિતાબ મેળવીને ખુશ છે. પરંતુ દીપક સ્વાતંત્ર્યના રંગે રંગાયેલો છે. આ વાત એના પિતાને પસંદ નથી. | |

| | | |
|---|---|---|
| | દીપક તેના પિતાથી ડરે છે. તેથી જ અગાશી પર રાષ્ટ્રધ્વજ ચડાવતા તે પડી જાય છે અને ઘાયલ થાય છે. | |
| c) | જેઠીબાઈએ પોર્ટુગીઝ સરકારનો જુલમી કાયદો રદ કરાવવા એક અરજી તૈયાર કરી. એક બાહોશ બેરિસ્ટરની સલાહ લઈને પોર્ટુગલની રાણી ઉપર પોર્ટુગીઝ સરકારના જુલમની કહાણી પોર્ટુગિઝ ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરી. ત્યારપછી અંગ્રેજી અક્ષરોમાં મોટા બીબા લાકડાની પટ્ટીઓમાં કોતરાવીને તૈયાર કર્યા. મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટા અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી. અરજીની આજુબાજુ ચારે તરફ એક સુંદર ફૂલવેલ પણ છાપીને ગોઠવી દીધી. આખી ઓઢણી પર આ અરજી એવી કલાપૂર્વક તૈયાર કરવામાં આવી હતી કે જોનાર એને જોઈને ચકિત થઈ જાય. અરજીમાં માતબર હિન્દુઓની સહીઓ પણ લઈ લેવામાં આવી હતી. . | |
| d) | ‘પ્રયાણ’ નવલકથા ખંડ ગુજરાતીની પ્રસિદ્ધ હાસ્યનવલકથા ‘ભદ્રંભદ્ર’માંથી લેવામાં આવ્યો છે. જ્યારે ભદ્રંભદ્ર તેમના શિષ્ય મુંબઈ જવા પ્રયાણ કરે છે ત્યારે પોતાના ઉમંગ અને ઉલ્લાસને સરખાવવા વૈદિક ગ્રંથોના પાત્રોના જે ઉદાહરણ આપે છે તે રમૂજ ઉપજાવે છે.<br>રેલ્વે સ્ટેશને ટિકિટ કઢાવવા ગયા ત્યારે તેમણે કહ્યું, “શ્રી મોહમયીની બે મૂલ્યપત્રિકા આપો” તેમજ યવન, અજ્ઞ, વિતરણ, તવ, કર્તવ્ય જેવા સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કરે છે તેમાં પણ રમૂજ નિપજે છે.<br>જ્યારે બે પ્રવાસીઓ પોતાનો પરિચય આપે છે અને તેમના ઘરના નામ વિષે કહે છે કે ઘરમાં તેમના નામ નખોદીઓ અને ઘરાખોદીઓ છે . છોકરાઓ જીવે તેથી માબાપે એવા નામ પાડેલા. એ ઘટના પણ રમૂજ ઉપજાવે છે. | |
| e) | સામગ્રી તો સમાજની છે ને!’ પાઠમાં લેખક જ્યારે હેમ્બર્ગ રેસ્ટોરન્ટમાં જાય છે, ત્યારે તેમનું જમવાનું જલ્દી આવી ગયું. બીજા કામો હોવાથી તેમણે જમવાનું જલ્દી પતાવ્યું. અને મંગાવેલા ભોજનમાંથી ત્રીજા ભાગનું ભોજન ડીશમાં છાંડેલું હતું.<br>બીજા એક ટેબલ પર કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ હતી તેમણે એ જોયું. તેમને આ ના ગમ્યું. તેઓએ રેસ્ટોરાંના માલિકને વાત કરી. આ માલિકે તેમને સમજાવ્યા પણ મિત્રોએ સામો જવાબ આપ્યો તેથી પેલી વૃદ્ધ સ્ત્રીઓ ગુસ્સે થઈ. તેમાંથી એકે ફોન કરી સોશ્યલ સિક્યુરિટીને બોલાવ્યા. સિક્યુરિટીએ તેમને 50 યુરોનો દંડ કર્યો. | |
| | **(Effective Writing Skill)** | |
| પ્ર.૧૩ | **નીચે આપેલા મુદ્દા પરથી કોઈપણ એક વિષય પર 150 થી 200 શબ્દોમાં નિબંધ લખો.** | 7×1=7 |
| | - પ્રસ્તાવના (1)<br>- વિષયવસ્તુ (3)<br>- ભાષા અભિવ્યક્તિ (1) | |

| | | |
|---|---|---|
| | - ભાષા શુદ્ધિ અને વાક્ય રચના (1)<br>- ઉપસંહાર (1) | |
| | **<u>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો.</u>**<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી<br>- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણી શુદ્ધ અને ભાષા શૈલી પ્રત્યે કાળજી | |
| **પ્ર.૧૪** | **<u>નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો.</u>** | **6 ×1= 6** |
| | આપેલા મુદ્દાને આધારે વાર્તાલેખન :<br>- ભાષા શૈલી અને ભાષા શુદ્ધિ (1)<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન (3)<br>- શીર્ષક (1)<br>- બોધ (1)<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં જ લખવી.<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી.<br>- ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી<br>મુખ્ય પાત્ર,પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક આપવું અને બોધ લખવો. | |
| **પ્ર.૧૫** | **<u>પત્ર લેખન (ઔપચારિક પત્ર)</u>** | **5×1=5** |
| | - સરનામું અને તારીખ (1)<br>- સંબોધન અને અભિવાદન (1)<br>- વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ (2)<br>- સમાપન અને લિખિતંગ (1)<br>- નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (international Method) નવી પધ્ધતિ પ્રમાણે પત્રલેખન લખવું.<br>- પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક | |

| | | |
|---|---|---|
| | - કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે. | |
| | **અથવા**<br>**<u>સચિત્ર જાહેરાત</u>** | |
| | - ચિત્રાત્મક રજૂઆત ૧.૫<br>- સૂત્રાત્મક રજૂઆત ૧<br>- સમગ્ર પ્રસ્તુતિકરણ ૨.૫<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.<br>- ચિત્રાત્મક રજૂઆત<br>- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>- ટૂંકી અને આકર્ષક રજૂઆત<br>- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | |